# ચિરાગે હિદાયત
## ૨૪૩

# ઈમામ હસન અસ્કરી(અ.સ.)નો પત્ર

આપણી પાસે શું જવાબ છે જો અગર હઝરત અબ્બાસ(અ.સ.) આપણને પૂછે કે **“મેં મારા ઝમાનાના ઈમામ(અ.સ.)ની મદદ કરતા સમયે પાણી પણ ન પીધું, મારા બંને હાથ કપાવી નાખ્યા, મારી આંખો રાહે ખુદામાં આપી દીધી. તીરનો દર્દ મારી આંખમાં સહન કર્યો, તીરોના વરસાદને દિલોજાનથી કબૂલ કર્યો. પણ, મારા ઝમાનાના ઈમામ(અ.સ.)ની નુસરતથી એક ઈંચ પણ પાછળ ન હટ્યો. તો તમે લોકોએ પોતાના ઝમાનાના ઈમામ(અ.સ.) માટે શું કર્યુ?”**

આપણી પાસે શું જવાબ છે જે આપણે આકાને આપશું?! શું આપણે ઈમામે ઝમાના(અ.સ.)ની માટે ઓછામાં ઓછો એક ગુનાહને પણ તર્ક કર્યો છે?

આવો આજે આપણે પોતાની ઝાતથી અહદ કરીએ કે ઝહુરે ઈમામે ઝમાના(અ.સ.)ની તૈયારી કરવામાં ભરપુર કિરદાર અદા કરીશું અને દરેક તે કામ છોડી દઈશું કે જે ઝહુરમાં અડચણરૂપ થાય છે. જો આપણે આ મુજબ અમલ કરીશું તો બહુજ જલ્દી ઈમામે ઝમાના(અ.સ.)નો ઝહુર થઈ જશે અને ઈન્સાનીયતને ઝુલ્મો સિતમથી નજાત મળી જશે. પણ આ ત્યારે થશે કે જ્યારે આપણે બીજાના આમાલની પરવાહ કર્યા

વગર અને લોકોની ઈસ્લાહ કર્યા પહેલા પોતાની ઝાતની ઈસ્લાહ કરીશું.

અમે અહીં એક આલિમેદીનનો વાકેઓ નકલ કરીએ છીએ અને તે આ છે કે શેખ સદુકના વાલિદ અલી ઈબ્ને બાબવય કુમ્મીના નામે ઈમામ હસન અસ્કરી(અ.સ.)એ પત્ર લખ્યો જેમાં અલ્લાહની હમ્દોસના પછી ઈમામ ફરમાવે છે કે :

"હું તમને વસીયત કરૂં છું, અય એહતેરામને લાયક અને ભરોસેમંદ, ફકીહ અબુલ હસન અલી ઈબ્નુલ હુસૈન અલી ઈબ્ને બાબવય કુમ્મી! અલ્લાહ તમને પોતાની મરજી મુજબ કામયાબ અને કામરાન ફરમાવે, પોતાની રહેમત અને તકવા વડે તમારા સુલ્બમાં નેક ઔલાદ કરાર દે. નમાઝ કાયમ કરો, ઝકાત અદા કરો, પોતાના ગુનાહોથી ઈસ્તેગ્ફાર કરો, ગુસ્સાને પી જાઓ, સીલે રહેમ કરો, પોતાના ભાઈઓ સાથે બરાબરીનો સુલૂક કરો અને તેમની પરેશાનીઓમાં હાજતો પૂરી કરવાની કોશિશ કરો, તેમની જેહાલત અને નાદાનીના મૌકા ઉપર બુર્દબાર બનો, દીનમાં ગૌરોફિક્ર કરો, પોતાના કામોમાં સાબિત કદમ રહો, કુરઆનની માટે તેમનાથી અહેદ કરો, હુસ્ને ખુલ્કથી પેશ આવો, અમ્ર બિલ માઅરૂફ અને નહિ અનીલ મુન્કર કરો.

અલ્લાહ ફરમાવે છે કે 'તે લોકોની વધારે પડતી છૂપી વાતોમાં કાંઈ ભલાઈ નથી પણ તે શખ્સ કે જે કોઈ સદકો, કારે ખૈર અથવા લોકોની વચ્ચે ઈસ્લાહનો હુકમ આપે (તેઓની વાતોમાં જ ભલાઈ છે)'

તમામ બૂરાઈઓથી દૂરી ઈખ્તેયાર કરો. તમારી માટે નમાઝે શબ પઢવી લાઝિમ છે કેમ કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ને વસિયત કરતા ફરમાવ્યું છે કે ‘‘અય અલી! તમારી માટે નમાઝે શબ પઢવી વાજીબ છે. (આ વાતને ત્રણ વખત કહી) અને નમાઝે શબને હલકી સમજનાર આપણામાંથી નથી.’’

મારી વસિયત ઉપર અમલ કરો. મારા શિયાઓને તેનો હુકમ આપો, અહીં સુધી કે તેઓ તેની ઉપર અમલ કરવા લાગે. તમારી ઉપર સબ્ર અને ઈન્તેઝારે ફરજ કરવી વાજિબ છે. કેમ કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નું ફરમાન છે કે મારી ઉમ્મતનો સૌથી અફઝલ અમલ ઈન્તેઝારે ફરજ છે.

શિયા હંમેશા મુસીબતો પરેશાનીમાં રહેશે. અહીં સુધી કે મારો તે ફરઝંદ ઝહુર કરશે જે ઝમીનને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે. જેવી રીતે તે ઝુલ્મો ઝોરથી ભરેલી હશે. એ મારા કાબિલે એહતેરામ સબ્ર કરો અને શિયાઓને સબ્ર કરવાનો હુકમ પહોંચાડો.

અલ્લાહ તઆલાનું ફરમાન છે કે ઝમીન ખુદાની માટે છે તે પોતાના બંદામાં જેને ચાહે છે, વારિસ બનાવે છે અને કામ્યાબી સાહેબે તકવાની માટે છે. અમારી માટે અલ્લાહ કાફી છે. તે દરેક ચીઝ ઉપર કાદિર છે, તે સૌથી સારો મૌલા અને સૌથી સારો મદદગાર છે.’’


પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com